# આપણી વાત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

## ગુજરાતી સાહિત્ય પરિષદના વર્ષ જાન્યુઆરી-૨૦૨૧થી ડિસેમ્બર-૨૦૨૩ સુધીના પ્રમુખની ચૂંટણીનો કાર્યક્રમ

| | | |
|---|---|---|
| પ્રમુખપદ માટે દરખાસ્ત મોકલવાની છેલ્લી તારીખ : | ૦૧-૯-૨૦૨૦ | મંગળવાર |
| મતપત્રમાં નામ મૂકવાની ઉમેદવારોની સંમતિ મંગાવવાની તારીખ : | ૦૫-૯-૨૦૨૦ | શનિવાર |
| મતપત્રમાં નામ મૂકવાની ઉમેદવારે સંમતિ આપવાની છેલ્લી તારીખ : | ૧૧-૯-૨૦૨૦ | શુક્રવાર |
| ઉમેદવારી પાછી ખેંચવાની તારીખ : | ૧૬-૯-૨૦૨૦ | બુધવાર |
| કાર્યાલયમાંથી મતપત્રો રવાના કરવાની તારીખ : | ૧૮-૯-૨૦૨૦ | શુક્રવાર |
| મતપત્રો પરિષદ કાર્યાલયે પરત પહોંચાડવાની છેલ્લી તારીખ : | ૧૯-૧૦-૨૦૨૦ | સોમવાર |
| મતગણતરી અને પરિણામ જાહેરાતની તારીખ : | ૨૩-૧૦-૨૦૨૦ | શુક્રવાર |

પ્રમુખપદ માટે પરિષદના બંધારણનો વિભાગ-૯ : કલમ-૫૦થી ૫૫ અન્વયે

વિભાગ : ૯ પરિષદ અને સંમેલન (અધિવેશન/જ્ઞાનસત્ર)ના પ્રમુખ તથા વિભાગીય પ્રમુખો

કલમ ૫૦ પરિષદ અને સંમેલન (અધિવેશન/જ્ઞાનસત્ર)ના પ્રમુખપદ માટે પરિષદના દસ આજીવન સભ્યો સંયુક્ત રીતે પોતાની પસંદગીનું એક નામ સૂચવી શકશે.

કલમ ૫૧ પરિષદ અને સંમેલન (અધિવેશન/જ્ઞાનસત્ર) ભરવાના ઓછામાં ઓછા ત્રણ માસ અગાઉ ચૂંટણી અધિકારી પરિષદ કાર્યાલય દ્વારા પરિષદના તમામ પ્રકારના સભ્યોને પરિપત્ર મોકલીને અથવા 'પરબ'માં એ પરિપત્ર છાપીને પ્રમુખનું નામ સૂચવવાનું જણાવશે.

કલમ ૫૨ આ પદ્ધતિએ સૂચવાયેલાં નામોવાળી વ્યક્તિઓને, પ્રમુખની ચૂંટણી માટેના મતપત્રકમાં તેમનું નામ સામેલ રાખવા બાબતની સંમતિ અંગે ચૂંટણી અધિકારી પુછાવશે અને જેમની સંમતિ આવી હશે તેમનું જ નામ મતપત્રકમાં સામેલ રખાશે.

કલમ ૫૩ સંમેલન (અધિવેશન/જ્ઞાનસત્ર)ની તારીખના ઓછામાં ઓછા બે માસ પહેલાં પ્રમુખની ચૂંટણી થઈ જાય એ રીતે ચૂંટણી સમિતિ આખો કાર્યક્રમ ગોઠવશે.

કલમ ૫૪ કલમ ૫૧, ૫૨, ૫૩ પ્રમાણે પ્રમુખપદ માટે મળેલાં નામોને વર્ણાનુક્રમે ગોઠવીને ચૂંટણી અધિકારી મતપત્રક તૈયાર કરશે અને સતત ત્રણ વર્ષ સુધી ચાલુ રહેલા વાર્ષિક સામાન્ય સભ્ય, નોંધાયેલા આજીવન સભ્ય, આજીવન સંસ્થા સભ્ય, દાતા સભ્ય તથા સંવર્ધક સભ્ય (જે ત્રણ વર્ષ પૂર્વે થયેલા હશે)ને ટપાલ/સ્પીડ પોસ્ટથી મતપત્રક મોકલી આપશે.

કલમ ૫૫ પ્રમુખની ચૂંટણીમાં મત આપવા સંબંધમાં કઈ પદ્ધતિને અનુસરવું તેનો નિર્ણય મધ્યસ્થ સમિતિ કરશે.

## જાન્યુઆરી-૨૦૨૧થી ડિસેમ્બર-૨૦૨૩ માટે અમલમાં આવનાર ગુજરાતી સાહિત્ય પરિષદની

# મધ્યસ્થ સમિતિની ચૂંટણીનો કાર્યક્રમ

| | | |
|---|---|---|
| મધ્યસ્થ સમિતિ માટે ઉમેદવારીપત્ર મેળવવાનો પ્રારંભ : | ૧૭-૮-૨૦૨૦ | સોમવાર |
| મધ્યસ્થ સમિતિ માટે ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ : | ૧૨-૯-૨૦૨૦ | શનિવાર |
| ઉમેદવારીપત્ર પાછું ખેંચવાની છેલ્લી તારીખ : | ૧૬-૯-૨૦૨૦ | બુધવાર |
| કાર્યાલયમાંથી મતપત્ર રવાના કરવાની તારીખ : | ૧૯-૯-૨૦૨૦ | શનિવાર |
| મતપત્ર પરિષદ કાર્યાલયે પરત પહોંચાડવાની છેલ્લી તારીખ : | ૧૯-૧૦-૨૦૨૦ | સોમવાર |
| મતગણતરી અને પરિણામની તારીખ : | ૨૫-૧૦-૨૦૨૦ | રવિવાર |

વિભાગ : ૩ પરિષદની મધ્યસ્થ સમિતિ

કલમ ૫-અ પરિષદની નીતિવિષયક બાબતો અંગેનો નિર્ણય નીચે પ્રમાણે બનેલી મધ્યસ્થ સમિતિ કરશે :

ક. પરિષદના જે તે સમયના પ્રમુખ

૧. જે-તે સંમેલનના પ્રમુખ ગુજરાતી સાહિત્ય પરિષદના તેમજ તેની કાર્યવાહક-મધ્યસ્થ સમિતિના પણ પ્રમુખ ગણાશે.

૨. કોઈ પણ કાર્યવાહી દરમિયાન નીતિનિયમોના અર્થઘટન અંગે પ્રમુખશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

૩. પ્રમુખની મુદત તેઓ પ્રમુખ તરીકેનો હોદ્દો સંભાળે ત્યારથી ત્રણ વર્ષની રહેશે.

ખ. પરિષદે નિયુક્ત કરેલા સાતથી વધારે નહિ એટલા સન્માન્ય સભ્યો. (નોંધ : આ સન્માન્ય સભ્યો નિયુક્ત કરવા માટે મધ્યસ્થ સમિતિ દ્વારા સૂચવાયેલાં નામોમાંથી વરણી કરવાનું કામ પરિષદના વર્તમાન પ્રમુખ, એક ભૂતપૂર્વ પ્રમુખ અને વરાયેલા પ્રમુખની સમિતિ કરશે.)

ગ. સતત ત્રણ વર્ષ સુધી ચાલુ રહેલા પરિષદના સામાન્ય સભ્યો તેમજ ચૂંટણીના ત્રણ વર્ષ પૂર્વે નોંધાયેલા આજીવન સભ્યોએ ચૂંટેલા ચાલીસ સભ્યો.

**મધ્યસ્થ સમિતિ માટે પરિષદના બંધારણનો વિભાગ-૩ : કલમ-૮ અન્વયે**

કલમ ૮. કલમ-૫ની પેટાકલમો ગ, ચ, છ અને જ માં દર્શાવેલા મધ્યસ્થ સમિતિના સભ્યપદની ઉમેદવારી કરનારની યોગ્યતા નીચે મુજબની હોવી જોઈએ.

૧. તેણે ૨૧ વર્ષ પૂરાં કર્યાં હોય.

૨. ઉમેદવારી કરતાં અગાઉ સતત ત્રણ વર્ષ સુધી તે પરિષદના સભ્ય રહ્યા હોય અથવા ત્રણ વર્ષ પૂર્વે આજીવન સભ્ય થયા હોય.

૩. તેનું ઓછામાં ઓછું એક ગુજરાતી પુશ્તક પ્રસિદ્ધ થયું હોય અથવા પ્રતિષ્ઠિત ગુજરાતી સામયિકોમાં તેના ઓછામાં ઓછા દસ સંશોધન-વિવેચન લેખો પ્રસિદ્ધ થયા હોય અથવા દસ સર્જનાત્મક કૃતિઓ પ્રસિદ્ધ થયેલી હોય.

ઘ. ગુજરાતી સાહિત્ય પરિષદના તંત્રવાહકોમાં વધુ ને વધુ સાહિત્યકાર અને સાહિત્યસેવી સામેલ થાય તે દૃષ્ટિએ મધ્યસ્થ સમિતિના ચૂંટાયેલા ૪૦ સભ્યો ઉપરાંત બીજા ૫ સભ્યોની નિયુક્તિ નિવૃત્ત થતી કાર્યવાહક સમિતિ ચૂંટણી થયા બાદ અને નવી મધ્યસ્થ સમિતિ કાર્યરત થાય તે પૂર્વે કરશે. આ માટે મહામંત્રી નિવૃત્ત થતી મધ્યસ્થ સમિતિના સભ્યો પાસે છેલ્લી ચૂંટણીમાં ઊભા રહ્યા ન હોય તેવા અને સર્જન તથા સ્વાધ્યાય ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી ધરાવતા હોય તેવા સાહિત્યકારોનાં નામ મંગાવશે. મળેલાં નામોમાંથી કાર્યવાહક સમિતિ પાંચ સભ્યોની વરણી કરશે. આ ૫ સભ્યો મધ્યસ્થ સમિતિના નિમંત્રિત સભ્યો ગણાશે. (નિમંત્રિત સભ્યને ચર્ચામાં ભાગ લેવાનો અધિકાર રહેશે. મતાધિકાર રહેશે નહીં.)

ચ. દાતાઓના વિભાગમાંથી ચૂંટાયેલા ચાર સભ્યો

છ. સંવર્ધકોના વિભાગમાંથી ચૂંટાયેલા ચાર સભ્યો

જ. સભ્યસંસ્થા વિભાગમાંથી ચૂંટાયેલા પાંચ સભ્યો

નોંધ : ઉપર્યુક્ત સભ્ય સંસ્થાઓએ ચૂંટવાના મધ્યસ્થ સમિતિના પાંચ સભ્યોની જગ્યાઓ ઉપર એ જ સભ્ય સંસ્થાઓના પ્રતિનિધિઓ ઊભા રહી શકશે જે સંસ્થાઓએ પોતાના પ્રતિનિધિને ઊભા રાખતી વખતે ફોટો, ઓળખપત્ર અને સહીનો નમૂનો મોકલ્યાં હશે. સંસ્થા વતી મતદાન કોણ કરશે તે અંગે ઠરાવ કરીને તેની જાણ કરવાની રહેશે.

(નોંધ : આ ત્રણેય (ચ, છ અને જ) વિભાગોમાં ઊભા રહેલા સભ્યોને પણ સમગ્ર મતદારો મત આપશે.)

ઝ. ગુજરાતી સાહિત્ય પરિષદના ટ્રસ્ટીઓ.

ટ. મધ્યસ્થ સમિતિ વધુમાં વધુ ચાર સભ્યો કો-ઑપ્ટ કરી શકશે.

## જાન્યુઆરી-૨૦૨૧થી ડિસેમ્બર-૨૦૨૩ માટે અમલમાં આવનાર ગુજરાતી સાહિત્ય પરિષદની કાર્યવાહક સમિતિની ચૂંટણીનો કાર્યક્રમ

| | | |
|---|---|---|
| કાર્યવાહક સમિતિ માટે ઉમેદવારીપત્ર મેળવવાનો પ્રારંભ : | ૨૭-૧૦-૨૦૨૦ | મંગળવાર |
| કાર્યવાહક સમિતિ માટે ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ : | ૦૭-૧૧-૨૦૨૦ | શનિવાર |
| ઉમેદવારીપત્ર પાછું ખેંચવાની છેલ્લી તારીખ : | ૦૯-૧૧-૨૦૨૦ | સોમવાર |
| કાર્યાલયમાંથી મતપત્ર રવાના કરવાની તારીખ : | ૧૭-૧૧-૨૦૨૦ | મંગળવાર |
| મતપત્ર પરિષદ કાર્યાલયે પરત પહોંચાડવાની છેલ્લી તારીખ : | ૦૫-૧૨-૨૦૨૦ | શનિવાર |
| મતગણતરી અને પરિણામ જાહેરાતની તારીખ : | ૦૭-૧૨-૨૦૨૦ | સોમવાર |

મધ્યસ્થ સમિતિમાં ચૂંટાયેલા સભ્યોમાંથી કાર્યવાહક સમિતિની ચૂંટણીથી થનાર રચના

(૧) ચૂંટાયેલા પ્રમુખ

(૨) બે ઉપપ્રમુખ

(૩) ૭ મંત્રીઓ આ પ્રમાણે રહેશે :

| | |
|---|---|
| ૧. મહામંત્રી | ૪. વિકાસમંત્રી |
| ૨. પ્રકાશનમંત્રી | ૫. ગ્રંથાલયમંત્રી |
| ૩. પ્રસારમંત્રી | ૬. સ્વાધ્યાયપીઠ મંત્રી |

(૪) કોષાધ્યક્ષ

(૫) સાત સામાન્ય સભ્યો

પ્રવીણ ત્રિવેદી (આઈ.એ.એસ. નિવૃત્ત)
ચૂંટણી અધિકારી

❑